યા દેવી સર્વભૂતેષુ બુદ્ધિ રૂપેણ સંસ્થિતામ્, નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ નમો નમઃ

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૯૫ | ૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૭, રવિવાર ; આસો સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ન્યુઝ ટ્રેક

આજે ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે વનડે

હાઈપ્રોફાઈલ અને હાઈવોલ્ટેજ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની પાંચ વનડે મેચોની શ્રેણીની ત્રીજી વનડે મેચ આવતીકાલે ઐતિહાસિક ઈન્દોરના મેદાન ખાતે રમાનાર છે. શરૂઆતની બન્ને વનડે મેચ જીતી લીધા બાદ ભારત શ્રેણી જીતવાના ઈરાદા સાથે આવતીકાલે મેદાનમાં રમાશે. ભારત હાલમાં ૨-૦ની લીડ ધરાવે છે. ઈન્દોર ખાતેની મેચમાં ભારતે જોરદાર દેખાવ કર્યો ન હતો. છતાં ઓસ્ટ્રેલિયા ફ્લોપ રહેતા ભારતે જીત મેળવી હતી.

સરહદ પર પાકનો ભીષણ ગોળીબાર

સરહદ પર વિસ્ફોટક સ્થિતી : પાકિસ્તાનના ગોળીબાર અને તોપમારાના પરિણામે સરહદી ગામોમાંથી મોટી સંખ્યામાં લોકો દ્વારા હિજરત

જમ્મુ,તા. ૨૩

પાકિસ્તાની સૈનિકોએ યુદ્ધવિરામનો ભંગ કરીને ફરી એકવાર સરહદ પર ભીષણ ગોળીબાર અને તોપમારો કર્યો છે. પાકિસ્તાનના આ ગોળીબારના કારણે સાત લોકો ઘાયલ થયા છે. પાકિસ્તાનના સરહદી ચોકીઓ પર અવિરત ગોળીબારના કારણે સરહદ પર વિસ્ફોટક સ્થિતી પ્રવર્તી રહી છે. પાકિસ્તાની સૈનિકોએ જમ્મુ, સામ્બા અને પુંચ જિલ્લામાં ભારતીય સરહદી ચોકીઓ પર ગોળીબાર કર્યો હતો. પાકિસ્તાનના ગોળીબાર અને તોપમારાના કારણે જે લોકો ઘાયલ થયા છે તેમાં બે બીએસએફ જવાનો અને પાંચ નાગરિકોનો સમાવેશ થાય છે. આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશ રેખા પર પાકિસ્તાન દ્વારા યુદ્ધવિરામનો ભંગ કરીને સતત ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. જેના કારણે હજારોની સંખ્યામાં લોકો જે સરહદી વિસ્તારોમાં રહે છે તેમને પોતાનાઘરમાંથી અન્યત્ર જતા રહેવાની ફરજ પડી રહી છે. અદિકારીઓએ માહિતી આપતા કહ્યુ છે કે પાકિસ્તાની સૈનિકોએ અરણિયા, આરએસપુરા અને રામગઢ સેક્ટરમાં સરહદી ચોકી પર અને ગ્રામીણ વિસ્તારોમાં ગોળીબાર કર્યો છે.ગઈકાલ સાંજથી જ ભીષણ ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. પાકિસ્તાની સૈનિકોએ ૨૦ ગામોને ટાર્ગેટ બનાવીને ગોળીબાર કર્યો હતો. પાકિસ્તાની તોપમારામાં કેટલાક લોકો ઘાયલ પણ થયા છે. આરએસ પુરા સેક્ટરમાં સતોવાલી ગામમાં ત્રણ નાગરિકો ઘાયલ થયા છે. ઘાયલ થયેલા તમામ લોકોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અરણિયા સેક્ટરમાં ટ્રેવા ખાતે પણ અન્ય એક વ્યક્તિને ઈજા થઈ છે. સામ્બામાં રામગઢ સેક્ટરમાં પાકિસ્તાની ગોળીબારમાં બે બીએસએફ જવાનોને ઈજા થઈ છે. શુક્રવારે સાંજથી અંકુશ રેખા પર પુંચ સેક્ટકમાં પાકિસ્તાની જવાનોએ ભીષણ ગોળીબાર જારી રાખ્યો છે. ગઈકાલે મોડી રાત્રે પાકિસ્તાન જવાનો દ્વારા તોપમારો અને ગોળીબાર કરવામાં આવ્યા બાદ કેટલાક વિસ્તારોમાંથી ૫૦૦ લોકોને ખસેડાયા હતા. છેલ્લા થોડાક દિવસના ગાળામાં અરણયિા અને આરએસ પુરા સેક્ટરમાં સેક્ટરમાંથી મોટી સંખ્યામાં લોકો હિજરત કરી ગયા છે. ૧૩મી સપ્ટેમ્બર અને ૧૮મી સપ્ટેમ્બર વચ્ચેના ગાળામાં આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશ રેખા પર પાકિસ્તાની સૈનિકો દ્વારા સતત ગોળીબાર કરવામાં આવ્યો છે.